# મોબાઈલ ફોન ઉત્પાદન પ્રોત્સાહન માટે રૂ. 62,500 કરોડ મંજૂર

**સ્વદેશી** બ્રાન્ડ્સને પ્રોત્સાહન આપી રૂ. 15 લાખ કરોડની નિકાસનો લક્ષ્યાંક અને 60,000 નવી સીધી નોકરીઓ ઊભી કરાશે

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): કેન્દ્રીય કેબિનેટે બુધવારે દેશમાં સ્થાનિક મોબાઈલ ઉત્પાદનને વેગ આપવા અને ભારતીય બ્રાન્ડ્સ વિકસાવવા માટે મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ સ્કીમ (MPMS) હેઠળ 62,500 કરોડ રૂપિયાના બજેટને મંજૂરી આપી છે.

કેબિનેટ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને જણાવ્યું કે સરકાર આ નવી પ્રોત્સાહક યોજના (PLI 2.0) દ્વારા આશરે 15 લાખ કરોડ રૂપિયાની નિકાસ અને 60,000 નવી સીધી નોકરીઓ ઊભી થવાની અપેક્ષા રાખે છે. આ યોજના નાણાકીય વર્ષ 2026-27થી 2030-31 સુધીના 5 વર્ષના ગાળા માટે લાગુ કરવામાં આવશે, જેમાં ભારતીય મોબાઈલ ફોન બ્રાન્ડ બનાવવા માટે અલગ પ્રોજેક્ટ રાખવામાં આવ્યો છે.

સરકારી યાદી મુજબ, ભારતમાં મોબાઈલ ઉત્પાદન પર પાત્ર વેચાણના આધારે 2.25 ટકાથી 5 ટકા સુધીનું પ્રોત્સાહન (ઇન્સેન્ટિવ) આપવામાં આવશે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરેથી સ્પેરપાર્ટ્સની ખરીદી પર 1.5 ટકા અને ભારતીય બ્રાન્ડના ડિઝાઈન તથા આર એન્ડ ડી માટે વધારાનું 3 ટકા પ્રોત્સાહન મળશે. આ યોજનાના 5 વર્ષના સમયગાળા દરમિયાન દેશમાં કુલ મોબાઈલ ઉત્પાદન 39 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાની ધારણા છે, જેનાથી વૈશ્વિક સ્તરે ભારતની સ્થિતિ મજબૂત થશે.

વર્ષ 2025માં ડીઝલ અને કટ હીરાને પાછળ છોડીને સ્માર્ટફોન ભારતની સૌથી મોટી નિકાસ સામગ્રી તરીકે ઉભરી આવ્યા છે, જેમાં ભારતે 2.62 લાખ કરોડ રૂપિયાના સ્માર્ટફોનની નિકાસ કરી છે. અગાઉની PLI 1.0 યોજના હેઠળ દેશમાં 125 કરોડ મોબાઈલ ફોનનું ઉત્પાદન થયું હતું, જેમાં સરકારે 19,000 કરોડ રૂપિયાનું પ્રોત્સાહન આપ્યું હતું અને તેની સામે 25,000 કરોડ રૂપિયાનો ડાયરેક્ટ ટેક્સ વસૂલ્યો હતો. ભારત હાલમાં વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ છે, જ્યાં ઉત્પાદન નાણાકીય વર્ષ 2019-20ના 2.14 લાખ કરોડ રૂપિયાથી વધીને નાણાકીય વર્ષ 2024-25માં 5.5 લાખ કરોડ રૂપિયા થયું છે. નિકાસ પણ 0.27 લાખ કરોડ રૂપિયાથી વધીને 2 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે, અને હાલ દેશમાં 300થી વધુ મોબાઈલ ઉત્પાદન એકમો કાર્યરત છે. દેશમાં વપરાતા 99.2 ટકા મોબાઈલ ફોન હવે ભારતમાં જ બને છે. વર્ષ 2025માં સ્માર્ટફોન ભારતની સૌથી મોટી નિકાસ શ્રેણી તરીકે ઉભરી આવ્યા છે.

વર્ષ 2014-15 પછી ભારતમાં જે ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં 7 ગણો અને નિકાસમાં 11 ગણો વધારો થયો છે, તેની પાછળ મુખ્યત્વે 'મેક ઇન ઇન્ડિયા' અંતર્ગત થયેલું મોબાઈલ ફોન ઉત્પાદન જવાબદાર છે.

# ગડકરી: 'જોઈએ છે 100% પ્યોર પેટ્રોલ? તો ખિસ્સું વધુ ખાલી કરવું પડશે!'

**કેન્દ્રીય** મંત્રીએ E-10 પેટ્રોલ પાછું લાવવાની શક્યતા નકારી

નવી દિલ્હી, તા. 15 એથેનોલ મિક્સ પેટ્રોલ (ઈ-20)ને લઈને આ સમયે દેશમાં ભારે વિવાદ ચાલી રહ્યો છે. ઘણા લોકો ફરિયાદ કરી રહ્યા છે કે, ઈ-20 પેટ્રોલથી તેમની ગાડીની માઈલેજ ઓછી થઈ ગઈ છે અને એન્જિનને નુકસાન થઈ રહ્યું છે. બીજી તરફ, સરકારનું કહેવું છે કે આ વાહનો માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનું કહેવું છે કે, જેમને એથેનોલ મિક્સ પેટ્રોલ નથી જોઈતું, તેઓ 100% પ્યોર (શુદ્ધ) પેટ્રોલ ખરીદી શકે છે. બસ પ્યોર પેટ્રોલ ખરીદવા માટે ખિસ્સું વધારે ખાલી કરવું પડશે. એવું એટલા માટે છે કારણ કે તેની કિંમત ઈ-20 પેટ્રોલની સરખામણીમાં ઘણી વધારે છે.

એક અહેવાલ અનુસાર, નીતિન ગડકરીએ કહ્યું છે કે, એથેનોલ ભેળવ્યા વિનાનું પેટ્રોલ પણ ખરીદી શકાય છે. જ્યારે ગડકરીને પૂછવામાં આવ્યું કે શું લોકોની ચિંતા દૂર કરવા માટે પંપો પર ઓછું એથેનોલ મિક્સ એટલે કે ઈ-10 પેટ્રોલ પાછું આવી શકે છે, તો મંત્રીએ કહ્યું કે એવું ભાગ્યે જ બને. ગડકરીએ કહ્યું કે, "જ્યારે આપણે 20% એથેનોલ મિક્સિંગનો ટાર્ગેટ પૂરો કરી ચૂક્યા છીએ અને દેશના ખૂણે-ખૂણામાં ઈ-20 પેટ્રોલ મળી રહ્યું છે, તો પાછળ હટવું શક્ય નથી." જોકે, અલગ-અલગ મિક્સિંગવાળા પેટ્રોલના વિકલ્પ પર તેમણે કહ્યું કે આ નિર્ણય પેટ્રોલિયમ મંત્રાલયે લેવાનો છે.

## નાઇસ આતંકી હુમલાની ૧૦મી વરસીએ ફ્રાન્સના આકાશમાં ૮૬ પ્રકાશકિરણો રેલાવી શહીદોને અપાઈ શ્રદ્ધાંજલિ

» ફ્રાન્સના નાઇસ શહેરમાં વર્ષ ૨૦૧૬માં થયેલા ભયાનક આતંકવાદી ટ્રક હુમલાની ૧૦મી વરસી નિમિત્તે હજારો લોકો એકઠા થયા હતા. આ દર્દનાક હુમલામાં જીવ ગુમાવનારા ૮૬ નિર્દોષ લોકોની યાદમાં આકાશમાં ૮૬ તેજસ્વી પ્રકાશકિરણો છોડવામાં આવ્યા હતા.

# બ્રિટનમાં કિશોરો માટે સોશિયલ મીડિયા પર મધ્યરાત્રિનો કર્ફ્યુ લાદવાની તૈયારી

**રાત્રે 12થી** સવારે 6 વાગ્યા સુધી કિશોરોના સોશિયલ મીડિયા વપરાશ પર લાગશે બ્રેક

**પ્રયોગમાં** જાણવા મળ્યું કે આ કર્ફ્યુથી બાળકોની ઊંઘ અને એકાગ્રતામાં ઘણો સુધારો થયો

લંડન, તા. 15 (પીટીઆઈ): બ્રિટિશ સરકારે બુધવારે 16 અને 17 વર્ષના કિશોરો માટે સોશિયલ મીડિયાના વપરાશ પર અડધી રાત્રે કર્ફ્યુ લાદવાની યોજના જાહેર કરી છે, જેથી તેમને ઓનલાઈન પ્લેટફોર્મ્સની વ્યસનકારક અસરોથી બચાવી શકાય.

આ પ્રતિબંધો હેઠળ 'ઓપ્ટ-આઉટ' (બંધ કરવાનો) વિકલ્પ પણ મળશે. આ જાહેરાત ગયા મહિને 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યા બાદ આવી છે, જે 2027ની શરૂઆત સુધીમાં લાગુ થવાની છે. નવા નિયમો અનુસાર, 16 અને 17 વર્ષના કિશોરો માટે લાઇવસ્ટ્રીમિંગ અને અજાણ્યા લોકો સાથે વાતચીત જેવી સુવિધાઓ બાય ડિફોલ્ટ (પહેલેથી જ) બંધ રહેશે, તેમજ અવિરત સ્ક્રોલિંગને રોકવા માટે ફરજિયાત બ્રેકની સિસ્ટમ પણ લાવવામાં આવશે. બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મેરે જણાવ્યું કે ટેક જાયન્ટ્સ બાળકોને સુરક્ષિત રાખવામાં નિષ્ફળ રહ્યા છે, તેથી બાળકોનું બાળપણ પાછું આપવા અને વાલીઓને મદદ કરવા માટે આ પગલું લેવાયું છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે જાતીય સંબંધો કે રોલપ્લેનું અનુકરણ કરતા AI 'રોમેન્ટિક કમ્પેનિયન' ચેટબોટ્સ માટે લઘુત્તમ વયમર્યાદા 18 વર્ષ રાખવી પડશે. પ્રસ્તાવ મુજબ, ડિફોલ્ટ સેટિંગ્સ દ્વારા 16 અને 17 વર્ષના બાળકો મધ્યરાત્રિથી સવારે 6 વાગ્યા સુધી સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકશે નહીં. જો કે, વિપક્ષી નેતા લૌરા ટ્રોટે આ 'ઓપ્ટ-આઉટ' વિકલ્પની ટીકા કરતા કહ્યું કે કિશોરો પોતે જ આ સેટિંગ બંધ કરી શકે છે, તેથી આનો કોઈ અર્થ નથી. પરંતુ સરકારના મતે, 300થી વધુ લોકો પર કરાયેલા પ્રયોગમાં જાણવા મળ્યું છે કે આ કર્ફ્યુથી બાળકોની ઊંઘ અને એકાગ્રતામાં ઘણો સુધારો થયો છે.

# PoKમાં ભડકો: હિંસક અથડામણમાં ૧૨નાં મોત

**આંદોલન** દબાવવા આખો વિસ્તાર સીલ

**૧ મહિનાથી** ચાલતા વિરોધ પ્રદર્શન વચ્ચે મુઝફ્ફરાબાદ કૂચથી તણાવ

**ચરમસીમાએ**; JAAC નેતાઓએ ભારત પાસે મદદ માંગી

નવી દિલ્હી, તા. 15: પાકિસ્તાન-અધિકૃત કાશ્મીર (POK)માં ભારે અશાંતિનો માહોલ છે. પાકિસ્તાની તંત્ર દ્વારા 'જોઈન્ટ અવામી એક્શન કમિટી' (JAAC)ને સશસ્ત્ર અને પ્રતિબંધિત સંગઠન જાહેર કરાયું હોવા છતાં, ભારે સુરક્ષા દળોની તૈનાતી વચ્ચે પણ આ સંગઠને પોતાનું વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું છે.

મંગળવારે પ્રદર્શનકારીઓ અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચે થયેલી હિંસક અથડામણમાં 12 લોકોનાં મોત થયાં હતાં, જેમાં 10 નાગરિકો, 1 રેન્જર્સના જવાન અને 1 પોલીસ અધિકારી સામેલ છે. આ હિંસા બાદ બુધવારે બપોરે મુઝફ્ફરાબાદ તરફ યોજાનારી લાંબી કૂચને પગલે સ્થિતિ વધુ તણાવપૂર્ણ બની છે. સત્તાવાળાઓએ રાવલાકોટ સહિતના શહેરોને સીલ કરી દીધા છે અને મીડિયા પર અઘોષિત પ્રતિબંધ લાદી દીધો છે.

આ વિસ્તારમાં છેલ્લા 1 મહિનાથી પ્રદર્શનો ચાલી રહ્યા છે. પ્રદર્શનકારીઓને રોકવા માટે તંત્ર દ્વારા 4,000 રેન્જર્સ, પોલીસ અને ફ્રન્ટિયર કોર્પ્સના જવાનો તૈનાત કરાયા છે. વર્ષ 1947થી પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના આ ભારતીય ક્ષેત્રમાં મોંઘવારી, ખરાબ શાસન અને ભેદભાવ વિરુદ્ધ જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. આ આંદોલન હવે રાજકીય અને આર્થિક સુધારાની વ્યાપક માગમાં ફેરવાઈ ગયું છે.

તંત્ર દ્વારા ઈન્ટરનેટ બંધ કરીને અને ધરપકડો કરીને વિરોધને દબાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. બીજી તરફ, ભારતે આ પ્રદર્શનો અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, આ સ્થિતિ પાકિસ્તાન દ્વારા દાયકાઓથી કરવામાં આવતા વ્યવસ્થિત શોષણ, મૂળભૂત અધિકારોનો ઇનકાર અને વહીવટી જુલમનું પરિણામ છે. ભારતે પ્રદર્શનકારીઓ પર વધુ પડતા બળપ્રયોગની ટીકા કરી છે.

JAACના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે પાકિસ્તાની શાસને અઠવાડિયાઓથી ખાદ્ય સામગ્રી અને દવાઓનો પુરવઠો રોકી દીધો છે, જેના કારણે માનવતાવાદી સંકટ સર્જાયું છે. તેમણે ભારત પાસે પણ મદદની અપીલ કરી છે.

# બીજા ક્વાર્ટરમાં ચીનનો આર્થિક વિકાસ દર ઘટીને 4.3 ટકા

**અમેરિકા**-ઈરાન યુદ્ધ અને મોંઘા ઈંધણથી ચીનના અર્થતંત્રને મોટો ઝટકો

**વિકાસ** દર વર્ષ 2022 પછીની સૌથી નીચલી સપાટીએ પહોંચ્યો

બીજિંગ, તા. 15 (પીટીઆઈ): ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ચીનનો આર્થિક વિકાસ દર તીવ્રતાથી ઘટીને 4.3 ટકા નોંધાયો છે, જે વર્ષ 2022 પછીનું સૌથી નીચું સ્તર છે. અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે વધેલા ઉર્જા ખર્ચ અને નબળી સ્થાનિક માગને પગલે આ ઘટાડો નોંધાયો છે. નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સ (NBS)ના જણાવ્યા મુજબ, વર્ષ 2026ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ચીનનો જીડીપી વાર્ષિક ધોરણે 4.7 ટકાના દરે વધ્યો છે, જે આશરે 69.57 ટ્રિલિયન યુઆન (અંદાજે 10.25 ટ્રિલિયન ડોલર) થાય છે. જોકે, એપ્રિલ-જૂનના બીજા ક્વાર્ટરમાં આ દર ઘટીને 4.3 ટકા થયો છે, જે અગાઉના ક્વાર્ટરના 5 ટકા કરતાં ઓછો છે અને ચીનના વાર્ષિક લક્ષ્યાંકથી પણ નીચે છે.

બીજી તરફ, જૂન મહિનામાં ચીનની નિકાસમાં વાર્ષિક ધોરણે 27 ટકાનો મોટો ઉછાળો આવ્યો છે. સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રિક વાહનોની વૈશ્વિક માગને કારણે આ નિકાસ વધી છે, જેમાં કારની માસિક નિકાસ ઇતિહાસમાં પ્રથમ વખત 10 લાખને વટાવી ગઈ છે. જોકે, રિયલ એસ્ટેટ માર્કેટમાં મંદી યથાવત છે અને પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં પ્રોપર્ટી ઇન્વેસ્ટમેન્ટમાં 18 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ સિવાય, શહેરી બેરોજગારી દર 5 ટકા રહ્યો છે, જ્યારે બિનસત્તાવાર આંકડા મુજબ 16-24 વર્ષના યુવાનોમાં બેરોજગારી 15 ટકાથી વધુ છે. વૈશ્વિક પડકારો વચ્ચે, સરકારે પોતાનો વાર્ષિક વિકાસ લક્ષ્યાંક ઘટાડીને 4.5થી 5 ટકાની રેન્જમાં રાખ્યો છે, જે વર્ષ 1991 પછીનો સૌથી ઓછો છે.

# પરિવાર પર EDના સકંજા વચ્ચે મદન મિત્રા બળવાખોર જૂથમાં

**મમતા** કેમ્પને મોટો ફટકો!

**ચીફ** વ્હીપ પદેથી રાજીનામું આપતાં ટીએમસી ધારાસભ્ય બોલ્યા- "મેં માત્ર રૂમ બદલ્યો છે, ઘર નહીં."

કોલકાતા, તા. 15 (પીટીઆઈ): ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા એક કેસમાં કેન્દ્રીય એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તેમની પત્ની અને બે પુત્રોને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યાના એક દિવસ બાદ, તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય મદન મિત્રાએ બુધવારે મમતા બેનર્જીના જૂથનો સાથ છોડીને રીતાબ્રત બેનર્જીની આગેવાની હેઠળના બળવાખોર જૂથમાં પોતાની વફાદારી બદલી હતી. તેમણે કહ્યું કે તેમણે "વિધાનસભામાં માત્ર પોતાનો રૂમ બદલ્યો છે".

મિત્રા બુધવારે વિરોધ પક્ષના નેતા રીતાબ્રત બેનર્જીની આગેવાની હેઠળના બળવાખોર જૂથમાં જોડાયા હતા. આ પગલાથી પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના જૂથને વધુ એક મોટો રાજકીય ફટકો પડ્યો છે. જોકે, ધારાસભ્યએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમણે પક્ષ છોડ્યો નથી.

મમતા બેનર્જીના સૌથી જૂના રાજકીય સાથીઓમાંથી એક અને ટીએમસીના પીઢ ધારાસભ્ય મદન મિત્રાએ જાહેરાત કરી હતી કે તેઓ 'કાલીઘાટ ટીએમસી જૂથ' હેઠળ કાર્યરત તમામ રાષ્ટ્રીય અને રાજ્ય સંગઠનાત્મક સમિતિઓમાંથી રાજીનામું આપી રહ્યા છે. આ ઉપરાંત તેઓ પશ્ચિમ બંગાળ વિધાનસભામાં પક્ષના મુખ્ય દંડક પદેથી પણ તાત્કાલિક અસરથી રાજીનામું આપી રહ્યા છે. વિધાનસભામાં રીતાબ્રત બેનર્જીની ચેમ્બરમાં તેમને મળ્યા બાદ મિત્રાએ પત્રકારોને જણાવ્યું હતું કે:

"મેં માત્ર મારો રૂમ બદલ્યો છે, મારું ઘર નહીં. હું ટીએમસીમાં જ છું."

મિત્રાએ કહ્યું, "હું કાલીઘાટ ટીએમસીની તમામ રાષ્ટ્રીય અને રાજ્ય સમિતિઓમાંથી રાજીનામું આપી રહ્યો છું. હું ચીફ વ્હીપ પદેથી પણ રાજીનામું આપી રહ્યો છું. હું તૃણમૂલમાં હતો અને તૃણમૂલમાં જ રહીશ."

# ફડણવીસ સાથે પવાર જૂથના નેતાઓની મુલાકાત બાદ અટકળો તેજ

**સુપ્રિયા** સુલેએ NDAમાં જોડાવાની વાત નકારી, પરંતુ સીમાંકન બિલમાં દેશભરમાં એકસમાન 50 ટકા બેઠકો વધે તો સમર્થન આપવાના સંકેત આપ્યા

મુંબઈ, તા. 15 (પીટીઆઈ): શિવસેના (UBT)ના 6 સાંસદો સત્તાધારી પક્ષમાં જોડાયાના થોડા અઠવાડિયા બાદ, શરદ પવાર અને અજીત પવાર જૂથના વરિષ્ઠ નેતાઓની મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે અલગ-અલગ બેઠકો થતાં ફરી રાજકીય ફેરબદલની ચર્ચાઓ તેજ બની છે.

આ દરમિયાન રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (SP)નાં કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલેએ જણાવ્યું કે, જો કેન્દ્ર સરકારનું પ્રસ્તાવિત સીમાંકન બિલ તમામ રાજ્યોમાં બેઠકોમાં એકસમાન 50 ટકા વધારા પર આધારિત હશે, તો તેનો વિરોધ કરવાનું કોઈ કારણ નથી. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે આ અંગેનો અંતિમ નિર્ણય 'ઇન્ડિયા' ગઠબંધન સાથે ચર્ચા કર્યા પછી જ સામૂહિક રીતે લેવામાં આવશે.

બારામતીના સાંસદ સુલેએ સત્તાધારી ગઠબંધન (NDA)માં જોડાવાની અટકળોને નકારી કાઢતા મજાકિયા અંદાજમાં કહ્યું કે મીડિયા છેલ્લા 12 વર્ષથી તેમના મંત્રી બનવાની આગાહીઓ કરી રહ્યું છે.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

સેન્ટર પોઈન્ટ શાખા : સ્વામીનારાયણ ગુરૂકુલ કેમ્પસ, સરદાર પાર્ક સામે, જીઆઈડીસી અંકલેશ્વર–૩૯૩૦૦૨ Ph.: 222701
Email : CENPOI@bankofbaroda.bank.in

(સરફેસી એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩ ની પેટા કલમ (૨) હેઠળ) દેવાદારને નોટીસ

પ્રતિ,
શ્રીમતી સીતાબેન વિનોદભાઈ પટેલ(દેવાદાર), શ્રી વિનોદકુમાર બાબુભાઈ પટેલ (સહદેવાદાર)
શ્રી દિવ્યાંગકુમાર વી પટેલ (સહદેવાદાર) અને શ્રીમતી અંશુબેન દિવ્યાંગભાઈ પટેલ (સહદેવાદાર)
બી ૨૦૪, વેદાંતા કો.ઓ.હાઉસીંગ સોસાયટી ઈએસઆઈસી હોસ્પીટલ રોડ, જીઆઈડીસી અંકલેશ્વર, જી.ભરૂચ, ગુજરાત–૩૯૩૦૦૨

વિષય : સિક્યોર્ડ ક્રેડીટર બેંકના અધિકૃત અધિકારી તરીકે હું એવું માનવાનું કારણ ધરાવું છું કે આપ ને નીચે જણાવેલ નોટીસ આ અવેજી સિવાય સામાન્ય રીતે અગાઉ પ્રયાસ કરાયેલ રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા બજવણી થઈ શકી નથી અને પરત આવેલ છે. જેથી આપને નીચે જણાવેલ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) (હવે પછી અહીં 'ધ એકટ' તરીકે ઉલ્લેખાશે) હેઠળ નોટીસ દ્વારા ડીમાન્ડ નોટીસ બજાવવામાં આવે છે. શ્રીમતી સીતાબેન વિનોદભાઈ પટેલ(દેવાદાર), શ્રી વિનોદકુમાર બાબુભાઈ પટેલ (સહદેવાદાર), શ્રી દિવ્યાંગકુમાર વી પટેલ (સહદેવાદાર) અને શ્રીમતી અંશુબેન દિવ્યાંગભાઈ પટેલ (સહદેવાદાર), ખાતા નં. ૩૩૮૬૦૬૦૦૦૦૧૧૩૦ અને ૩૩૮૬૦૬૦૦૦૦૧૧૪૩

મહેરબાનશ્રી,
વિષય : અમારી સેન્ટર પોઈન્ટ અંકલેશ્વર શાખા, અંકલેશ્વર ભરૂચ રીજન માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.

૧. અમારા તા. ૦૩.૦૧.૨૦૨૦ અને ૦૪.૦૧.૨૦૨૦ ના રોજ ના પત્ર ક્રમાંક માં ટર્મ લોન Retail-000000219294-LMS અને Retail-00000220948-LMS ક્રેડીટ સુવિધાઓની મંજુરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયોરીટી પૂરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | લીમીટ | હાલનો વ્યાજનો દર તમામ સુવિધાનો | તા.૨૯.૦૬.૨૦૨૬ ના રોજ બાકી લેણાં | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| ટર્મ લોન સુવિધ હોમ લોન–(૩૩૮૬૦૬ ૦૦૦૦ ૧૧૩૦) | રૂ. ૧૫,૮૪,૦૦૦/– | ૮.૩૫% (હાલનો) | રૂ. ૧૫,૬૧,૬૦૩.૫૨/– (રૂ.૩૪,૬૪૭.૩૨ અનસવર્ડ વ્યાજ સહિત) વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | મિલકતની વિગત : ઈકવીટેબલ મોંગેજ તમામ ભાગ અને હિસ્સા ની રહેણાંકની પ્લોટ નં.એચ/૩૧૬૩, માપ ૧૪૭૨.૧૮ ચો.મી, જેનો હાઉસીંગ સેકટર અંકલેશ્વર ના નોટીફાઈડ/ઈન્ડસ્ટ્રીયલ એરિયા/એસ્ટેટ નો બાંધકામ નો રેવન્યુ સર્વે નં. ૨૭૫ અને ૨૭૭ પૈકી સ્કીમ 'ધ વેદાંત કો.ઓ.હાઉસીંગ. સોસાયટી. લીમીટેડ' નો રજા માળનો ફલેટ નં. બી/૨૦૪, બિલ્ટઅપ એરીયા માપ ૭૫.૬૮ ચો.મીટર અને વણવહેચાયેલ હિસ્સા જમીન ૪૮.૩૩ ચો.મીટર, ગામ. ભાડકોદરા ની હદમાં , તા. અંકલેશ્વર, જી. ભરૂચ(ગુજરાત) ખાતે સીતાબેન વિનોદભાઈ પટેલ ની આવેલ છે. જેની ચતુર્દિશાઃ પુર્વેઃ જોડેનો પ્લોટનું માર્જીન, પશ્ચિમેઃ જોડેનો ફલેટ નં.બી/૨૦૩, ઉત્તરેઃ જોડેનો જીઆઈડીસી નો જાહેર રોડ, દક્ષિણેઃ જોડેનો ફલેટ નં.બી/૨૦૩. |
| ટર્મ લોન સુવિધ હોમ લોન–ટોપઅપ (૩૩૮૬૦૬૦ ૦૦૦૧૧૪૩) | રૂ. ૮,૬૮,૦૦૦/– | ૯.૩૦% (હાલનો) | રૂ.૯,૩૭,૩૨૪.૯૫/– (રૂ.૦.૦૦ લાગુ નહી કરેલ વ્યાજ + રૂ.૨૩,૮૧૪.૨૭ અનસવર્ડ વ્યાજ સહિત) + વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | |
| કુલ | | | રૂ.૨૪,૯૮,૯૨૮.૪૭/– + વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | |

૨. તા.૦૪.૦૧.૨૦૨૦ ના રોજના વ્યક્તિગત (હાઉસીંગ લોન) માટેના લોન કરાર પત્રમાં તમે ચેંક પ્રત્યે રૂ. ૨૪,૫૨,૦૦૦/– (રૂ. ૧૫,૮૪,૦૦૦/– ની હોમ લોન + રૂ. ૮,૬૮,૦૦૦/– ની ટોપ અપ લોન) ની જવાબદારી સ્વીકારી છે. ૩. તમે જાણો છો કે તમે ઉપરોકત લોન /બાકી રકમ ના વ્યાજ ની ચુકવણી માં કસૂર કર્યો છે. અને તમે ટર્મ લોન હપ્તાની ચુકવણી માં પણ કસૂર કર્યો છે. તા.૩૦.૦૩.૨૦૨૬ ના રોજ ના અને ત્યાર બાદ હપ્તા/ અનિયમીત ચુકવણી માટે બાકી રહેલ ટર્મ લોન ના હપ્તાની ચુકવણીમાં કસૂર કરેલ છે. ૪. તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ તા.૨૮.૦૬.૨૦૨૬ ના રોજ નોન–પરફોર્મીંગ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, વગેરે ચુકવ્યા નથી. ૫. ઉપર સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની રૂ.૨૪,૯૮,૯૨૮.૪૭/– (અંકે રૂપિયા ચોવીસ લાખ અઠ્ઠાણું હજાર નવસો અઠ્ઠાવીસ અને સુડતાલીસ પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ ની જવાબદારી પેરા–૧ માં જણાવ્યા મુજબ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે, જેની નોંધ લેશો. ૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૭. તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૮. વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી. ૯. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છૂટ રાહત કે છૂટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

તા.૩૦.૦૬.૨૦૨૬ । સ્થળઃ અંકલેશ્વર અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સેન્ટર પોઈન્ટ શાખા

શ્રી સાઈબાબા મંદિર ચૌટાબજાર દ્વારા
શ્